ન્યૂઝ બ્રીફ

કેનેડિયન ઓપનમાં સિમોના હાલેપ ત્રીજી વખત ચેમ્પિયન બની

ટોરન્ટો : રોમાનિયાની સિમોના હાલેપે ત્રણ સેટ સુધી રમાયેલી ફાઇનલમાં બિટ્રિઝ હદાદ માઇયાને ૬-૩, ૨-૬, ૬-૩થી હરાવીને કારકિર્દીમાં ત્રીજી વખત કેનેડિયન ઓપન ડબ્લ્યૂટીએ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સનું ટાઇટલ જીતી લીધું હતું. હાલેપે પ્રથમ સેટમાં ચાર વખત ડબલ ફોલ્ટ કર્યા બાદ પોતાની રિધમ હાંસલ કરી લીધી હતી. બે વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન હાલેપે કારકિર્દીમાં નવમી વખત ડબ્લ્યૂટીએ ૧૦૦૦ ટૂર્નામેન્ટનું ટાઇટલ પોતાના નામે કર્યું હતું.

સ્પેનના પાબ્લો કોરેના બુસ્ટાએ મોન્ટ્રિયલ ઓપનનું ટાઇટલ જીત્યું



મોન્ટ્રિયલ : સ્પેનના પાબ્લો કોરેના બુસ્ટાએ આઠમા ક્રમાંકિત પોલેન્ડના હ્યુબર્ટ હુર્કાઝને ૩-૬, ૬-૩, ૬-૩થી હરાવીને મોન્ટ્રિયલ માસ્ટર્સ ૧૦૦૦ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીત્યું હતું. ૨૦૦૨માં આર્જેન્ટિનાના ગુલેર્મો કાનોસ બાદ આ ટાઇટલ જીતનાર બુસ્ટા બીજો અનસિડેડ ખેલાડી બન્યો છે. આ તેનું સાતમું એટીપી ટૂર ટાઇટલ અને પ્રથમ માસ્ટર્સ ૧૦૦૦નું ટાઇટલ છે. ફાઇનલમાં તેનો રેકોર્ડ હવે ૭-૫નો થયો છે. હુર્કાઝ તેની છ ફાઇનલમાં માત્ર એક જ વખત હાર્યો છે.

રમતગમતોને પ્રોત્સાહન...

તૃણમૂલ કોંગ્રેસે વેસ્ટર્ન બંગાળમાં રમતોને પ્રોત્સાહન આપવા માટે ૧૬મી ઓગસ્ટને 'ખેલો હોબે દિબસ' તરીકે જાહેર કર્યો છે. આ અભિયાનના ભાગરૂપે પ્રદેશના પાર્ટી નેતાએ ફૂટબોલ મેચનું આયોજન કર્યું હતું. ટીએમસી સાંસદ મહુઆ મોઇત્રાએ ફૂટબોલ રમીને પોતાની સ્કિલનું પ્રદર્શન કર્યું હતું. બંગાળના સીએમ મમતા બેનરજીએ પણ આશા વ્યક્ત કરી હતી કે વધારેમાં વધારે યુવાઓ આ વિશેષ દિવસના ભાગીદાર થશે.

ICC ટેસ્ટ અને વન-ડે ક્રિકેટ બચાવી લે નહીં તો ફૂટબોલ જેવી હાલત થશે : કપિલ દેવ

નવી દિલ્હી । ભારતના ભૂતપૂર્વ સુકાની કપિલ દેવે આકર્ષક ડોમેસ્ટિક ટી૨૦ લીગના વૈશ્વિક વિકાસની વચ્ચે ક્રિકેટની સંચાલક સંસ્થા આઇસીસીને ટેસ્ટ અને વન-ડે ઇન્ટરનેશનલ ક્રિકેટને બચાવી લેવાનો આગ્રહ કર્યો છે. ટી૨૦ લીગની સંખ્યામાં થયેલા વધારાના કારણે ક્રિકેટિંગ કેલેન્ડર હવે વધારે તનાવપૂર્ણ બની ગયું છે. ક્રિકેટના વધી રહેલા વ્યસ્ત કાર્યક્રમના કારણે કેટલાક ખેલાડીઓ કોઇને કોઇ ફોર્મેટને છોડી રહ્યા છે. ઇંગ્લેન્ડના બેન સ્ટોક્સે ગયા મહિને વન-ડે ક્રિકેટને અલવિદા કરી દીધી હતી. સાઉથ આફ્રિકાએ જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયાનો વન-ડે પ્રવાસ પડતો મૂક્યો હતો. કપિલ દેવે જણાવ્યું હતું કે રમતનું મેનેજમેન્ટ કરવું આઇસીસીનું કામ છે. આઇસીસીએ ખેલાડીઓના વર્કલોડને પ્રાધાન્ય આપવાના બદલે ડોમેસ્ટિક અને દ્વિપક્ષીય શ્રેણી વચ્ચેનું બેલેન્સ જાળવવાનું કામ સંબંધિત ક્રિકેટ બોર્ડ ઉપર છોડી દીધું છે. વિશ્વ ક્રિકેટ હાલમાં યુરોપમાં ફૂટબોલની જેમ ચાલી રહ્યું છે. આઇસીસીએ વન-ડે તથા ટેસ્ટ ક્રિકેટ ઉપરાંત ક્લબ ક્રિકેટનું પણ અસ્તિત્વ જળવાઇ રહે તેવી યોજના તૈયાર કરવી જોઇએ. એક સમય એવો આવશે કે ખેલાડીઓ માત્ર ચાર વર્ષે એક વખત રમાતા વર્લ્ડ કપ અને બાકીના સમયમાં ટી૨૦ ફ્રેન્ચાઇઝી ક્રિકેટ રમતા હશે.

ફિફાએ મે મહિનામાં ચેતવણી આપી હતી પરંતુ પ્રફુલ્લ પટેલના નેતૃત્વ હેઠળના જૂથે ૨૦૨૦થી ચૂંટણી થવા દીધી જ નથી

૮૫ વર્ષમાં પ્રથમ વખત FIFA દ્વારા ભારતીય ફૂટબોલ ફેડરેશન સસ્પેન્ડ

ઓક્ટોબરમાં રમાનારા અંડર-૧૭ વિમેન્સ વર્લ્ડ કપની યજમાની છીનવી લેવામાં આવી, વિદેશી ખેલાડીઓ ભારતની કોઈ પણ ફૂટબોલ લીગમાં રમી શકશે નહીં

ફિફાના નિયમ મુજબ કોઈ ત્રીજો પક્ષ (COA) ફેડરેશનનું સંચાલન કરી શકતો નથી, સસ્પેન્શન બાદ કેન્દ્ર સરકાર સફાળી જાગી

। નવી દિલ્હી ।

વિશ્વ ફૂટબોલ સંચાલક સંસ્થા ફિફાએ ત્રીજા પક્ષના હસ્તક્ષેપના કારણે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને (એઆઈએફએફ) તાત્કાલિક અસર સાથે સસ્પેન્ડ કરી દીધું છે. ફિફાના નિયમોના ગંભીર ઉલ્લંઘનના કારણે આ નિર્ણય લેવાયો છે. ભારતીય ફૂટબોલ ફેડરેશનને ૮૫ વર્ષના પોતાના ઈતિહાસમાં પ્રથમ વખત સસ્પેન્સનનો સામનો કરવો પડ્યો છે. ફિફાના નિર્ણયના કારણે હવે ચાલુ વર્ષે ૧૧મી ઓક્ટોબરથી ૩૦મી ઓક્ટોબર સુધી રમાનારા અંડર-૧૭ વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપ પણ રદ કરી દેવામાં આવ્યો છે. બીજી તરફ ૧૬મી ઓગસ્ટથી કોલકાતા ખાતે ડુરંડ કપનો પ્રારંભ થયો છે. જોકે ફિફાના પ્રતિબંધના કારણે વિદેશના ખેલાડીઓ આ લીગમાં રમી શકશે નહીં.

ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં ફિફાએ ત્રીજા પક્ષ (પ્રશાસકોની સમિતિ/સીઓએ)ના હસ્તક્ષેપના કારણે ભારતીય ફૂટબોલ ફેડરેશનને પ્રતિબંધિત કરી દેવામાં આવશે તેવી ધમકી પણ આપી હતી. આ સાથે ઓક્ટોબરમાં રમાનારા અંડર-૧૭ વિમેન્સ વર્લ્ડ કપની યજમાની પણ છીનવી લેવામાં આવશે તેવી ચેતવણી આપી હતી. આ ચેતવણી ફેડરેશનમાં ચૂંટણી યોજવાના સુપ્રીમ કોર્ટે આપેલા આદેશના કેટલાક દિવસ બાદ આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ તરફી નિમવામાં આવેલી સીઓએના સભ્યોએ ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને ચૂંટણી ૨૮મી ઓગસ્ટે યોજાશે.



ફિફાના સસ્પેન્શનના કારણે ૩૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૪ ફૂટબોલ ગ્રાઉન્ડ સુના પડશે

અંડર-૧૭ વિમેન્સ ફૂટબોલની મેચોનો રોમાંચ માણવાની આશા ઉપર પાણી ફરી વળ્યું

અમદાવાદ । ફિફાએ ભારતીય ફૂટબોલ ફેડરેશનને સસ્પેન્ડ કરી દેતાં અમદાવાદના ફૂટબોલપ્રેમીઓને નિરાશ થવું પડશે. ઓક્ટોબરમાં રમાનારા અંડર-૧૭ વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપની ચાર મેચમાં અમદાવાદમાં રમાવાની હતી અને તેના માટે શહેરમાં ચાર જગ્યાએ ફિફાના નોર્મ્સ મુજબ ફૂટબોલ ગ્રાઉન્ડ પણ તૈયાર કરવામાં આવ્યા હતા પરંતુ વર્લ્ડ કપ જ રદ થતાં આ ગ્રાઉન્ડ સૂના પડશે. વિશ્વની સંભવિત ચાર ટીમો અમદાવાદની મહેમાન બનવાની હતી અને ગુજરાત સરકાર દ્વારા ૩૨ કરોડના ખર્ચે (પ્રત્યેક ગ્રાઉન્ડનો અંદાજિત ખર્ચ આઠ કરોડ) તૈયાર થયેલા આ ચાર ગ્રાઉન્ડમાં વોર્મ-અપ મેચો રમવાની હતી. નોંધનીય છે કે ટેન્ડર બહાર પડ્યું ત્યારે પ્રત્યેક ગ્રાઉન્ડ માટે પાંચ કરોડ રૂપિયા મંજૂર થયા હતા. કેટલાક સમય પહેલાં ફિફાની આયોજન સમિતિ અને સુરક્ષા સમિતિએ ચારેય ગ્રાઉન્ડની સમીક્ષા કરીને તમામને ગ્રીન સિગ્નલ આપ્યું હતું. આ તમામ ગ્રાઉન્ડમાં ફિફાના નિર્દેશ મુજબ બર્મુડા ગ્રાસ (ફૂટબોલ માટે વિશેષ પ્રકારનું ઘાસ) ગ્રાઉન્ડમાં નાખવામાં આવ્યું છે. આ ઉપરાંત ગ્રાઉન્ડમાં ડ્રેસિંગ રૂમ, મિનિ કોન્ફરન્સ રૂમ પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મેચના અધિકારીઓ માટે પણ વિશેષ રૂમ્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ ચારેય ગ્રાઉન્ડ ઉપર નેશનલ ગેમ્સની ફૂટબોલ ઈવેન્ટ યોજાશે.

ફિફાના સસ્પેન્શન બાદ કેન્દ્ર સરકાર મેદાનમાં, સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી

ફિફા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધ બાદ કેન્દ્ર સરકાર તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે. મંગળવારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આ મામલે શક્ય બને તેટલી જલદીથી સુનાવણી કરવાની વિનંતી કરી છે. કેન્દ્ર સરકારના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને એ.એસ. બોપન્નાની બેન્ચને જણાવ્યું હતું કે ફિફાએ ભારતીય ફૂટબોલ ફેડરેશનને સસ્પેન્ડ કરતો એક પત્ર મોકલ્યો છે જે પબ્લિક ડોમેન ઉપર છે અને તેને રેકોર્ડમાં લાવવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે જવાબ આવ્યો હતો કે ૧૭મી ઓગસ્ટ બુધવારે આ મામલાને પ્રાધાન્ય આપીને સુનાવણી કરવામાં આવશે. પાંચમી ઓગસ્ટે ફિફાએ વધુ એક વખત એઆઇએફએફને સસ્પેન્ડ કરવાની ધમકી આપી હતી.

મે મહિનામાં સુપ્રીમ કોર્ટે ભારતીય ફૂટબોલ ફેડરેશનને વિખેરી નાખ્યું હતું

સુપ્રીમ કોર્ટે મે મહિનાની ભારતીય ફૂટબોલ ફેડરેશનને વિખેરી નાખ્યો હતું અને રમતનું સંચાલન કરવા માટે ફેડરેશનના સંવિધાનમાં વાસ્તવિકતા શોધવા તથા ૧૮ મહિનાથી વિલંબમાં મુકાયેલી ચૂંટણી યોજવા માટે ત્રણ સભ્યોની સમિતિની વરણી કરી હતી. તેના જવાબમાં ફિફા અને એશિયન ફૂટબોલ ફેડરેશને (એએફએફ) જનરલ સેક્રેટરી વિન્ડસર જોનના નેતૃત્વમાં એક ટીમને ભારતીય ફૂટબોલ ફેડરેશનના અધિકારીઓને મળવા માટે મોકલી હતી અને જુલાઈના અંત સુધીમાં પોતાની તમામ કાર્યવાહીમાં સંશોધન કરીને ૧૫મી સપ્ટેમ્બર સુધી નવેસરથી ચૂંટણી યોજવા માટે રોડમેપ તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો પરંતુ મંગળવારે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું.

૧૧મી ઓક્ટોબરથી ભારતમાં અંડર-૧૭ વિમેન્સ વર્લ્ડ કપ રમાશે નહીં : ફિફા

અંડર-૧૭ વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપ ૧૧મીથી ૩૦મી ઓક્ટોબર સુધી ભુવનેશ્વર, ગોવા અને મુંબઇ ખાતે રમાવાનો હતો. તેની સફળ યજમાની માટે કેન્દ્રીય સમિતિ એમઓયુ ઉપર હસ્તાક્ષર કરીને પોતની મંજૂરી આપી દીધી હતી. ફિફાએ જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટનું ભવિષ્ય નજીકના સમયમાં નક્કી કરી લેવામાં આવશે અને જો જરૂર પડશે તો આ મામલાને બ્યૂરો ઓફ કાઉન્સિલને પણ મોકલી આપવામાં આવશે. ફિફાએ એવી પણ સ્પષ્ટતા કરી દીધી છે કે હવે અંડર-૧૭ વિમેન્સ વર્લ્ડ કપનું આયોજન તેના નિર્ધારિત સમયે ભારતમાં શક્ય બની શકે તેમ નથી. નોંધનીય છે કે ભારતીય ફૂટબોલ ફેડરેશનમાં ૨૦૨૦માં ચૂંટણીઓ યોજાવાની હતી પરંતુ કેટલાક અધિકારીઓના કારણે શક્ય બની નથી.

ઝિમ્બાબ્વેના પ્રવાસ માટે સુંદરના સ્થાને શાહબાઝ એહમદનો ટીમમાં સમાવેશ

કાઉન્ટી ક્રિકેટ મેચમાં વોશિંગ્ટન સુંદર ઈજાગ્રસ્ત થયો હતો

હરારે । ઝિમ્બાબ્વે સામે ચાલુ સપ્તાહે શરૂ થઈ રહેલી ત્રણ વન-ડે મેચની શ્રેણી માટે ભારતીય ટીમમાં ફેરફાર થયો છે. ઈજાગ્રસ્ત વોશિંગ્ટન સુંદરના સ્થાને ઓલરાઉન્ડર શાહબાઝ એહમદને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ૨૭ વર્ષીય શાહબાઝ પ્રથમ વખત ટીમનો હિસ્સો બનશે. બંગાળ તરફથી ડોમેસ્ટિક ક્રિકેટ રમનાર શાહબાઝે ચાલુ વર્ષે આઈપીએલમાં બેંગ્લોરની ટીમ તરફથી પ્રભાવશાળી દેખાવ કર્યો હતો. તેમે ૧૬ મેચમાં ૨૧૯ રન બનાવ્યા હતા અને ચાર વિકેટ ઝડપી હતી. બીસીસીઆઈએ જણાવ્યું હતું કે સિનિયર પસંદગી સમિતિએ સુંદરના સ્થાને શાહબાઝને ટીમમાં સામેલ કર્યો છે. ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ક્રિકેટ રમતી વખતે વોશિંગ્ટન સુંદરને ખભામાં ઈજા થઈ હતી અને આ કારણથી તે ઝિમ્બાબ્વેના પ્રવાસમાંથી બહાર થઈ ગયો છે. વોશિંગ્ટન સુંદર ૨૦૨૧ના જુલાઈમાં ઈજાગ્રસ્ત થયો હતો. તેને પ્રેક્ટિસમાં મોહમ્મદ સિરાજનો બોલ આંગળીએ વાગ્યો હતો. ત્યારબાદ કોરોનાના કારણે સાઉથ આફ્રિકાના પ્રવાસે જઈ શક્યો નહોતો અને ફેબ્રુઆરી માર્ચમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે શ્રેણીમાં સ્નાયુ ખેંચાઈ જવાના કારણે ટી૨૦ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. ત્યારબાદ તેણે શ્રીલંકા સામેની શ્રેણી પણ ગુમાવી હતી.

ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની એ-ટીમો ભારતનો પ્રવાસ ખેડશે

નવી દિલ્હી । ભારતની એ-ટીમ આઠ મહિના બાદ પોતાનો પ્રથમ સ્પર્ધાત્મક મુકાબલો ન્યૂઝીલેન્ડ-એ ટીમ સામે સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં રમશે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાની એ-ટીમ નવેમ્બરમાં ભારતના પ્રવાસે આવશે. ભારત-એ ટીમનો કાર્યક્રમ વીવીએસ લક્ષ્મણ અને તેના એનસીએ સહાયક સ્ટાફ સાઈરાજ બહુતુલે તથા સિતાંશુ કોટક દ્વારા સંચાલિત કરવામાં આવશે. ભારતની એ-ટીમે ગયા વર્ષના નવેમ્બરમાં સાઉથ આફ્રિકા સામે બ્લોમફોન્ટેન ખાતે ત્રણ બિનસત્તાવાર ટેસ્ટ મેચોની શ્રેણી રમી હતી જેની ઉપર કોરોનાનો પ્રભાવ પણ પડ્યો હતો. ન્યૂઝીલેન્ડની ટીમ ચાલુ મહિનાના અંતમાં ભારત આવીજશે અને ચાર દિવસીય ત્રણ મેચો રમશે. આ તમામ લિસ્ટ-એની મેચ બેંગ્લોરમાં રમાશે. આ દરમિયાન પિંક બો ટેસ્ટ મેચ પણ રમાશે.

ઈયાન ચેપલે કોમેન્ટરીને અલવિદા કરી, ૪૫ વર્ષની કારકિર્દીનો અંત આવ્યો

ચેપલે રિચી બેનો, ટોની ગ્રેગ અને બિલ લોરી સાથે લોકપ્રિય કોમેન્ટરી ટીમ બનાવી હતી

। મેલબોર્ન ।

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની અને જાણીતા કોમેન્ટેટર ઈયાન ચેપલે લગભગ ૪૫ વર્ષ સુધી માઈક સંભાળ્યા બાદ હવે ક્રિકેટ કોમેન્ટરીને અલવિદા કરવાનો નિર્ણય કર્યો છે. રિચી બેનો, બિલ લોરી અને ટોની ગ્રેગ સાથે ચેપલે કોમેન્ટરીની લોકપ્રિય ટીમ બનાવી હતી. ચેપલને ૨૦૧૯માં સ્કિન કેન્સર થયું હોવાનો ઘટસ્ફોટ થયો હતો અને આ બીમારીમાંથી બહાર આવતા તેમને પાંચ મહિનાનો સમય લાગ્યો હતો. ચેપલ અત્યારે ૭૮ વર્ષના છે અને તેમણે ૧૯૬૪થી ૧૯૮૦ સુધી ટોચના ક્રમના બેટ્સમેન તરીકે ટેસ્ટ ક્રિકેટમાં ૫,૩૪૫ રન બનાવ્યા હતા. તેમણે ૩૦ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ પણ કર્યું હતું. તેમણે ૩૦ વન-ડે રમી હતી અને ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ તે કોમેન્ટેટર બન્યા હતા.

ચેપલે જણાવ્યું હતું કે કેટલાક વર્ષ પહેલાં હું બીમાર થયો હતો અને તેમાંથી સ્વસ્થ થવા માટે મને કેટલોક સમય લાગ્યો હતો પરંતુ હવે સ્થિતિ મારા માટે મુશ્કેલ બની રહી છે. હું સતત પ્રવાસ ખેડવા ઉપરાંત વારંવાર પગથિયા ચઢવા માટે શક્તિમાન રહ્યો નથી. મેં રેબિટ્સે (રગ્બી લીગના કોમેન્ટેટર વોરેન) કહેલા શબ્દોને ધ્યાનમાં રાખીને નિર્ણય કર્યો છે. રેબિટ્સે એક સમયે કહ્યું હતું કે તમે ભૂલ કરવાથી માત્ર એક જ વાક્ય દૂર છો અને મને આ બાબત સ્પર્શી ગઈ હતી.

જાહેરાત । ત્રણ વર્ષમાં ઓવરઓલ સાત ટેસ્ટ ૧૩૫ વન-ડે અને ૧૫૯ ટી૨૦ મેચ રમાશે

વિમેન્સ FTPમાં ૨૦૨૫ સુધી કુલ ૩૦૧ મેચ રમાશે, ભારત બે ટેસ્ટ સહિત ૬૫ મેચ રમશે

દુબઇ । આઈસીસીએ ૨૦૨૨થી ૨૦૨૫ સુધી વિમેન્સ ક્રિકેટનો ફ્યૂચર ટૂર પ્રોગ્રામ (એફટીપી) જાહેર કરી દીધો છે અને તેની શરૂઆત ચાલુ મહિનાના મે મહિનાથી થઈ ચૂકી છે અને ૨૦૨૫માં ભારતની યજમાનીમાં રમાનારા વિમેન્સ વર્લ્ડ કપ સાથે તે પૂરો થશે. આ દરમિયાન ત્રણ વર્ષમાં કુલ ૩૦૧ ઈન્ટરનેશનલ મેચ રમાશે જેમાં સાત ટેસ્ટ, ૧૩૫ વન-ડે અને ૧૫૯ ટી૨૦ મેચો રમાશે. ભારતમાં રમાનારા વર્લ્ડ કપમાં સ્થાન મેળવવા માટે વિમેન્સ ચેમ્પિયનશિપની મેચો પણ આ એફટીપીનો એક ભાગ છે.

ભારતીય વિમેન્સ ટીમ ત્રણ વર્ષના ગાળામાં ૬૫ મેચ રમશે જેમાં બે ટેસ્ટ, ૨૭ વન-ડે અને ૩૬ ટી૨૦ મેચો રમાશે. ભારતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે એક-એક ટેસ્ટ મેચ રમવાની છે. મે મહિનાથી એફટીપીનો પ્રારંભ થઈ ચૂક્યો હોવાના કારણે ભારતીય વિમેન્સ ટીમ અત્યાર સુધીમાં ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦ મેચ રમી ચૂકી છે.

ત્રણ વર્ષમાં ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને આયરલેન્ડ સામેહોમગ્રાઉન્ડમાં રમશે અને ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, શ્રીલંકા અને બાંગ્લાદેશનો પ્રવાસ ખેડશે. જોકે શ્રીલંકા સામેની શ્રેણી રમાઈ ચૂકી છે. ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમ ૨૦૨૩-૨૪ની ઉનાળુ સિઝનમાં વધુ એક વખત ભારતનો પ્રવાસ ખેડીને એક ટેસ્ટ, ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦ મેચ રમશે. ભારતીય ટીમ ૨૦૨૫ની વિન્ટર સિઝનમાં ઓસ્ટ્રેલિયા જઈને ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦ રમશે.

૨૦૨૨થી ૨૦૨૫ની વચ્ચે વિમેન્સ ક્રિકેટની સાત ટેસ્ટમાંથી ઈંગ્લેન્ડ સૌથી વધારે પાંચ ટેસ્ટ મેચ રમશે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા ચાર, સાઉથ આફ્રિકા ત્રણ અને ભારત બે ટેસ્ટ રમશે.

ICICI Home Finance
કોર્પોરેટ ઓફીસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઇનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૯, ઈન્ડિયા
બ્રાંચ ઓફીસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઇનાન્સ કંપની લીમીટેડ, પહેલા માળે, શક્તિ બીઝનેશ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈવે, મહેસાણા-૩૮૪ ૦૦૨.
(જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)
સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ
[illegible]

અનુ નં. (એ)	[illegible] (બી)	[illegible] (સી)	[illegible] (ડી)	[illegible] (ઈ)	[illegible] (એફ)	[illegible] (જી)
૧.	[illegible] LHRAJ00001325646	[illegible]	₹ [illegible]	₹ ૧૧,૮૪,૪૦૦/- ₹ ૧,૧૮,૪૪૦/-	[illegible] ૨૦૨૨ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	[illegible] બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦

[illegible] https://www.icicihfc.com/ [illegible]
તારીખ : ૧૭-૦૮-૨૦૨૨
સ્થળ : બોટાદ
અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ હોમ ફાઇનાન્સ કંપની લીમીટેડ